# GSSSB CCE 2026

## Combined Competitive Examination · Advt 378 · CBRT 16–29 Sep 2026 · Question Paper

**Gujarati**

Complete Paper · 150 Questions · Official Answer Key

## About this Compilation

This booklet contains the complete question paper of the **GSSSB Combined Competitive Examination (Advt 378) 2026** examination in **Gujarati**, with the correct option marked as per the official answer key.

✓ Correct option (highlighted green)

### How to use

- Use the **Index** page to jump directly to any set (clickable).
- Questions appear section by section in the order of the paper, numbered 1 onward.
- Diagram and wide-table questions appear at full width at the end of their section.
- The correct answer is highlighted in green with a tick.

### More from QMaths

Check your marks, normalized score and zone-wise rank free at **rank.qmaths.in**. Master English vocabulary with the **Blackbook** app.




***Toppers' Choice, Blackbook of English Vocabulary, Now available in App format : DOWNLOAD NOW***

# Index — All Sets (click to open)

Set 1 28 Sep 2026
5:00 PM - 7:00 PM

## English

15 Questions • Answer Key

**Q1** English

Select the most appropriate option to complete the sentence.
"Proper time ______ leads to better productivity."

A. management ✓
B. dissipation
C. manage
D. squandering

**Q2** English

In the following question, the underlined part contains an error. Choose the option that best replaces the underlined part to make the sentence grammatically correct.
She is **interested on** learning new languages.

A. interested in ✓
B. interested for
C. interested at
D. interested by

**Q3** English

Arrange the following logically. P remains constant.
P= The Sundarbans, on the southern fringe
Q= to provide quality drinking
R= water to its human and
S= of West Bengal, may soon struggle
T= non-human residents

A. SQRT ✓
B. SRQT
C. TQSR
D. RQST

**Q4** English

Choose the one word that best describes the following.
A person who cannot be tamed or subdued; wild and uncontrollable.

A. Intractable
B. Ferocious
C. Indomitable ✓
D. Docile

**Q5** English

Select the most appropriate meaning of the given proverb.

Easy come, easy go.

A. Things that are easily acquired are often easily lost. ✓
B. Hard work always pays off in the long run.
C. The easier something is to get, the more valuable it is.
D. Luck plays a minimal role in acquiring possessions.

**Q6** English

Choose the correct indirect speech form of the given sentence.
The principal said to the staff, "Please submit your annual performance reports by the fifteenth of next month."

A. The principal told the staff to submit your annual performance reports by the fifteenth of the next month.
B. The principal said to the staff to please submit their annual performance reports by the fifteenth of the following month.
C. The principal requested the staff to submit their annual performance reports by the fifteenth of the following month. ✓
D. The principal requested the staff that they submitted their annual performance reports by the fifteenth of the following month.

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q7** English

Identify the word that aligns most closely with the meaning of the highlighted word in the given sentence.

They lived in an **affluent** neighbourhood filled with luxurious houses.

A. crowded
B. wealthy ✓
C. penniless
D. poor

**Q8** English

Select the sentence that uses the past tense correctly.

A. The children have been playing outside until it started to rain.
B. The children had play outside until it started to rain.
C. The children were playing outside since it started to rain.
D. The children had been playing outside until it started to rain. ✓

**Q9** English

Choose the correct compound form of the given complex sentence.
*If you work hard, you will succeed.*

A. Work hard to succeed.
B. You worked hard, so you succeeded.
C. Work hard and you will succeed. ✓
D. You will succeed because you work hard.

**Q10** English

Select the most appropriate option to complete the given sentence.

Steroids are produced by the body to help ______ damaged tissue.

A. hill
B. heel
C. he'll
D. heal ✓

**Q11** English

Choose the most suitable article to complete the given sentence.

She bought ___ umbrella, though the sky looked clear.

A. an ✓
B. the
C. a
D. No article

**Q12** English

"He left an hour ago." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?

A. તે કલાક પહેલાં આવ્યો.
B. તે કલાક પછી જશે.
C. તે કલાક પહેલાં ગયો. ✓
D. તે કલાકથી અહીં છે.

**Q13** English

Select the option that transforms the given sentence to passive voice.

How can you say this?

A. How can you be said this?
B. How can this be said by you? ✓
C. How can you be saying this?
D. How can this by you said?

**Q14** English

Select the option that can be used as a one-word substitute for the given phrase.

Land covered by water on all sides

A. Mainland
B. Volcano
C. Peninsula
D. Island ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q15** English

Choose the appropriate option to correct the bold part of the given sentence.
When we reached the station, the train **left** just a minute ago.

- A. had left ✓
- B. was leaving
- C. has left
- D. had been leaving

## Gujarati

15 Questions • Answer Key

**Q16** Gujarati

'અદ્ભુત' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

- A. અલૌકિક ✓
- B. સરળ
- C. સામાન્ય
- D. નબળું

**Q17** Gujarati

"પ્રતિક્રિયા" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?

- A. Reaction ✓
- B. Silence
- C. Cause
- D. Action

**Q18** Gujarati

નીચેનામાંથી સર્વનામ સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો:

- A. આ આપણું રાષ્ટ્રગીત છે, તેનું સન્માન કરો. ✓
- B. દયાળુ સંતે આશીર્વાદ આપ્યા.
- C. વહાણ કિનારાની આસપાસ ફરતું રહ્યું.
- D. ગરમ ચા પીવાથી ગળાને ખૂબ રાહત થાય.

**Q19** Gujarati

આપેલ વિકપોમાંથી 'સુષુપ્ત' શબ્દનો સાચો સંધિ વિચ્છેદ શોધો.

- A. સુષુ + પ્ત
- B. સુ + ષુત
- C. સુ + સુપ્ત ✓
- D. સુસુ + ત

**Q20** Gujarati

'હાસ્ય' શબ્દનો વિરુદ્ધાર્થી કયો છે?

- A. આનંદ
- B. સ્મિત
- C. ખુશી
- D. રુદન ✓

**Q21** Gujarati

ફૂટું ફૂટું ફરફર થતું રૂપ ખીલ્યું ધરાનું. : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

- A. મંદાક્રાન્તા ✓
- B. પૃથ્વી
- C. શિખરિણી
- D. હરિણી

**Q22** Gujarati

એક જ શબ્દનો એકથી વધુ વખત પ્રયોગ થાય, પરંતુ દરેક વખતે અર્થ જુદો હોય, ત્યાં કયો અલંકાર હોય છે?

- A. શબ્દાનુપ્રાસ
- B. યમક ✓
- C. રૂપક
- D. ઉપમા

**Q23** Gujarati

'વાતનાં વડાં ન થાય' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?

- A. માત્ર વાતો કરવાથી કામ સિદ્ધ થતું નથી. ✓
- B. વાતને વધારીને કહેવી.
- C. વધારે વાતો કરવી.
- D. વાત કરવી નહીં.

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q24** Gujarati

'ચોર' શબ્દ બનાવવા માટે યોગ્ય ધ્વનિશ્રેણી પસંદ કરો.

A. ચ્ + ઔ + ર્ + અ

B. ચ્ + અ + ર્ + ઓ

C. ચ્ + ઓ + ર્ + આ

D. ચ્ + ઓ + ર્ + અ ✓

**Q25** Gujarati

નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

A. પ્રત્યેક કર્મચારી વફાદારીપૂર્વક કામ કરે તો કોઈ પરેશાન ન થાય. ✓

B. પરિણામ નઈ થાય તો કોઈ પ્રત્યેક કામ વફાદારીપૂર્વક કર્મચારી કરે.

C. કર્મચારી થાયં કોઈ પરેશાન વફાદારીપૂર્વક કામ પ્રત્યેક કરે તો ન.

D. તો કરે કર્મચારીઓ કામ વફાદારીપૂર્વક પ્રત્યેક કોઈ પરેશાન ન થાય.

**Q26** Gujarati

'ગિરિધર' શબ્દનો સમાસ ઓળખાવો.

A. દ્વંદ્વ

B. ઉપપદ ✓

C. કર્મધારય

D. તત્પુરુષ

**Q27** Gujarati

સૌથી પહેલા કયો શબ્દ આવશે?

A. ગ્રહ ✓

B. તારો

C. ચંદ્ર

D. સૂર્ય

**Q28** Gujarati

નીચેનામાંથી કયો ધ્વનિ સ્વરની શ્રેણીમાં આવે છે?

A. પ

B. ચ

C. ઉ ✓

D. ક

**Q29** Gujarati

સાચી જોડણીવાળું વાક્ય શોધો:

A. ગાંધીજીએ આજીવન સત્ય અને અહિંસાની ઉપાસના કરી. ✓

B. ગાંધીજીએ આજીવન સત્ય અને અહીંસાની ઉપાસના કરી.

C. ગાધીજીએ આજિવન સત્ય અને અહિંસાની ઉપાસના કરી.

D. ગાંધીજીએ આજિવન સત્ય અને અહીંસાની ઉપાસના કરી.

**Q30** Gujarati

આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : મારી કૉલેજ મોટી છે.

A. My college are big.

B. My college big is.

C. Mine college is big.

D. My college is big. ✓

## General Awareness

30 Questions • Answer Key

**Q31** General Awareness

વકીલ કાનૂની સલાહ આપે છે, જ્યારે એક માર્ગદર્શક ભૌતિક વસ્તુઓનું ઉત્પાદન કર્યા વિના મુલાકાતીઓને મદદ કરે છે. આ પ્રવૃત્તિઓ આર્થિક પ્રવૃત્તિની કઈ વ્યાપક શ્રેણીમાં આવે છે?

A. પ્રાથમિક પ્રવૃત્તિ

B. તૃતીયક પ્રવૃત્તિ ✓

C. જીવનનિર્વાહ પ્રવૃત્તિ

D. દ્વિતીયક પ્રવૃત્તિ

**Q32** General Awareness

ધાતુનું બાહ્ય આવરણ ધરાવતા વિદ્યુત ઉપકરણોને અર્થ વાયર સાથે શા માટે જોડવામાં આવે છે?

A. ઉપકરણ દ્વારા વપરાતો વિદ્યુત પાવર વધારવા માટે

B. ઉપકરણને પૂરો પાડેલો ઓપરેટિંગ વોલ્ટેજ ઘટાડવા માટે

C. લીકેજ વિદ્યુતપ્રવાહને સુરક્ષિત રીતે વહેવા માટે ઓછા અવરોધવાળો માર્ગ પૂરો પાડવા માટે ✓

D. ઉપયોગ દરમિયાન ઉપકરણમાંથી વહેતો વિદ્યુતપ્રવાહ વધારવા માટે

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q33** General Awareness

ઓડિસી નૃત્યની કઈ મુદ્રા (posture) તેના લાલિત્યપૂર્ણ શારીરિક વળાંક અને શિલ્પ સમાન દેખાવ માટે જાણીતી છે?

A. નાટ્યારમ્ભ મુદ્રા

B. ચૌકા મુદ્રા

C. ત્રિભંગ મુદ્રા ✓

D. સમપાદ મુદ્રા

**Q34** General Awareness

જ્યારે કોઈ ખેડૂત એક જ જમીન પર ઘઉંના બદલે ડાંગરનું ઉત્પાદન કરવાનું પસંદ કરે છે, ત્યારે વૈકલ્પિક ખર્ચ શું છે?

A. ઘઉંના ઉત્પાદનમાંથી જતી કરવી પડેલી આવક ✓

B. ડાંગરના ઉત્પાદનમાંથી થતી આવક

C. ડાંગરની ખેતીમાં શારીરિક શ્રમ

D. બિયારણ અને ખાતરોનો ખર્ચ

**Q35** General Awareness

મોગલ સ્થાપત્યકલામાં હુમાયુના મકબરા અને તાજમહાલ જેવા મુખ્ય મકબરાઓની રચનામાં બગીચાઓ (બાગ) અને જળ તત્ત્વો/જળાશયોનો સમાવેશ શા માટે કરવામાં આવતો હતો?

A. હવાની અવરજવર (વેન્ટિલેશન) સુધારવા અને આસપાસની આબોહવાને નિયંત્રિત કરવા માટે

B. નિયમિત ધાર્મિક વિધિઓ અને સમારંભોનું આયોજન સરળ બનાવવા માટે

C. સ્મારકની આસપાસ કૃષિ ખેતીને પ્રોત્સાહન આપવા માટે

D. સ્વર્ગ (જન્નત)નું પ્રતીક દર્શાવવા અને દફનાવવામાં આવેલી વ્યક્તિની પ્રતિષ્ઠા (મોભો) પ્રગટ કરવા માટે ✓

**Q36** General Awareness

નીચેનામાંથી કયું, આફ્રિકામાં ખનીજ આધારિત ગીચ વસ્તી ધરાવતા પ્રદેશનું ઉદાહરણ છે?

A. નાઈલ નદીની ખીણ (Nile Valley)

B. કટાંગા ઝામ્બિયા કોપર બેલ્ટ ✓

C. કલહરીનું રણ (Kalahari Desert)

D. સહારાનું રણ

**Q37** General Awareness

બીજ વાવતા પહેલાં માટીને પોચી (loosening) અને ઉપર-નીચે કરવાની (turning) પ્રક્રિયાને શું કહેવામાં આવે છે?

A. ઉત્પાદનનો સંગ્રહ (Storage of produce)

B. ખેતર (field)ની સિંચાઈ

C. પાકની લણણી/ હાર્વેસ્ટિંગ (Harvesting)

D. ભૂમિ/ માટીને તૈયાર કરવી (Preparation of soil) ✓

**Q38** General Awareness

1889 માં લાહોરમાં લાલા હંસરાજ દ્વારા કઈ પહેલ સ્થાપવામાં આવી હતી?

A. કાંગડી ગુરુકુલ (Kangadi Gurukul)

B. બેલૂર મઠ (Belur Math)

C. દયાનંદ એંગ્લો-વૈદિક કોલેજ (Dayanand Anglo-Vedic College) ✓

D. રામકૃષ્ણ મિશન (Ramakrishna Mission)

**Q39** General Awareness

નીચેનામાંથી કયા બંધારણીય સુધારા દ્વારા ભારતમાં પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો?

A. 96મો સુધારો અધિનિયમ

B. 74મો સુધારો અધિનિયમ

C. 73મો સુધારો અધિનિયમ ✓

D. 62મો સુધારો અધિનિયમ

**Q40** General Awareness

2026 માં વડોદરા ખાતે યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (Vibrant Gujarat Regional Conference) દરમિયાન iNDEXTb ને કોના માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું?

A. સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન પ્રોગ્રામ (startup incubation programme) શરૂ કરવા બદલ

B. ઔદ્યોગિક કોરિડોર (industrial corridor) ની સ્થાપના કરવા બદલ

C. સૌથી વધુ સંખ્યામાં પ્રદર્શકો (exhibitors) ની નોંધણી કરવા બદલ ✓

D. આંતરરાષ્ટ્રીય વેપાર શિખર સંમેલન (trade summit) નું આયોજન કરવા બદલ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q41** General Awareness

યુએન વિશ્વ મહાસાગર દિવસ 2026 (UN World Oceans Day 2026)ની સત્તાવાર થીમ શું હતી?

A. રિઇમેજિન: બિયોન્ડ ધ વર્લ્ડ વી નો, એ ન્યૂ રિલેશનશીપ વિથ અવર ઓશન (Reimagine: Beyond the world we know, a new relationship with our ocean) ✓

B. પ્રોટેક્ટિંગ મરીન લાઇફ: ઓશન ફોર ફ્યુચર જનરેશન્સ એન્ડ બ્લુ ફ્યુચર (Protecting Marine Life: Oceans for Future Generations and Blue Future)

C. રિસ્ટોર અવર ઓશન: બિલ્ડીંગ અ સસ્ટેનેબલ બ્લુ ફ્યુચર અહેડ (Restore Our Ocean: Building a Sustainable Blue Future Ahead)

D. ઓશન એક્શન નાઉ: સેફગાર્ડિંગ ધ પ્લેનેટ્સ બ્લુ હાર્ટ (Ocean Action Now: Safeguarding the Planet's Blue Heart)

**Q42** General Awareness

નીચેનામાંથી કઈ સંસ્થાની સ્થાપના ગોપાળ કૃષ્ણ ગોખલે (Gopal Krishna Gokhale) દ્વારા 1905 માં કરવામાં આવી હતી?

A. સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી (Servants of India Society) ✓

B. પુના સાર્વજનિક સભા (Poona Sarvajanik Sabha)

C. ડેક્કન એજ્યુકેશન સોસાયટી

D. હોમ રૂલ લીગ

**Q43** General Awareness

કયા જૈન તીર્થંકર સર્પ (સાપ)નાં પ્રતીક સાથે સંકળાયેલા છે?

A. પાર્શ્વનાથ ✓

B. શાંતિનાથ

C. મહાવીર સ્વામી

D. નેમિનાથ

**Q44** General Awareness

24 જાન્યુઆરીના રોજ વૈશ્વિક સ્તરે ઉજવવામાં આવેલા 'આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ 2026 (International Day of Education 2026)' ની થીમ (Theme) શું હતી?

A. શિક્ષણના સહ-સર્જનમાં યુવાનોની શક્તિ/ સામર્થ્ય (The power of youth in co-creating education) ✓

B. શિક્ષણને નવું સ્વરૂપ આપવામાં યુવાનોનું મહત્વ (The importance of youth in reshaping education)

C. શિક્ષણમાં પરિવર્તન લાવવામાં યુવાનોની ભૂમિકા (The role of youth in transforming education)

D. યુવા નેતૃત્વ મારફતે શિક્ષણ/ અધ્યયનનું ભવિષ્ય (The future of learning through youth leadership)

**Q45** General Awareness

નીચેનામાંથી કયું ઋગ્વેદિક કાળમાં લગ્નના પ્રચલિત સ્વરૂપનું શ્રેષ્ઠ વર્ણન કરે છે?

A. બાળલગ્ન સામાન્ય હતા.

B. બહુપતિત્વ સામાન્ય હતું.

C. એક જીવનસાથીની સામાન્ય પ્રથા હતી. ✓

D. બહુપત્નીત્વ કે બહુલગ્ન (Polygamy) પ્રથા ફરજિયાત હતી.

**Q46** General Awareness

ગુજરાત સરકારના વિકાસ કાર્યક્રમ 2026-27 મુજબ, ફળો અને શાકભાજીના ઉત્પાદનમાં ગુજરાતનું અગ્રણી સ્થાન મુખ્યત્વે કયા ક્ષેત્રના વિકાસ દ્વારા પ્રાપ્ત થયું છે?

A. મત્સ્યઉદ્યોગ ક્ષેત્ર

B. ડેરી ક્ષેત્ર

C. ટેક્સટાઇલ ક્ષેત્ર

D. બાગાયતી પ્રવૃત્તિઓ ✓

**Q47** General Awareness

2026 ના T20 વર્લ્ડ કપમાં, સેમી-ફાઇનલ અને ફાઇનલમાં તેમના દ્વારા કરવામાં આવેલ મહત્વપૂર્ણ રનના કારણે કોણે 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' ખિતાબ જીત્યો હતો?

A. અભિષેક શર્મા

B. સંજુ સેમસન ✓

C. ઇશાન કિશન

D. સૂર્યકુમાર યાદવ

**Q48** General Awareness

વ્યાકરણશાસ્ત્રી પાણિની દ્વારા કઈ ભાષાને ક્રમશઃ પ્રમાણિત કરવામાં આવી, જે ધર્મ, તત્વજ્ઞાન અને શિક્ષણની ભાષા બની હતી?

A. તમિલ

B. સંસ્કૃત ✓

C. પાલી

D. તેલુગુ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q49** General Awareness

ભારતીય બંધારણના કયા અનુચ્છેદ (Article) હેઠળ રાષ્ટ્રપતિ વડાપ્રધાનની નિમણૂક કરે છે?

A. અનુચ્છેદ 78

B. અનુચ્છેદ 74

C. અનુચ્છેદ 53

D. અનુચ્છેદ 75 ✓

**Q50** General Awareness

1991માં દાખલ કરવામાં આવેલા નાણાકીય સુધારાઓના ભાગરૂપે કયો કર ક્રમશઃ ઘટાડવામાં આવ્યો હતો?

A. કૃષિ કર

B. પ્રોપર્ટી કર

C. કોર્પોરેશન કર

D. કસ્ટમ ડ્યુટી ✓

**Q51** General Awareness

નીચેનામાંથી કયા મંત્રાલયે 12 જૂન 2026ના રોજ જાહેર પરામર્શ માટે ટેલિકમ્યુનિકેશન્સ (ટેલિવિઝન, રેડિયો એન્ડ એસોસિએટેડ સર્વિસીસ) રૂલ્સ, 2026નો મુસદ્દો બહાર પાડ્યો હતો?

A. વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય

B. માહિતી અને પ્રસારણ મંત્રાલય ✓

C. ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલય

D. કમ્યુનિકેશન્સ મંત્રાલય

**Q52** General Awareness

'રિન્યુએબલ કેપેસિટી સ્ટેટિસ્ટિક્સ 2026' (Renewable Capacity Statistics 2026) ના અહેવાલ મુજબ, કયો દેશ સ્થાપિત રિન્યુએબલ એનર્જી ક્ષમતામાં વિશ્વમાં અગ્રેસર છે?

A. નેપાળ

B. નાઇજર

C. ભારત

D. ચીન ✓

**Q53** General Awareness

કોઈ વ્યક્તિ મજબૂત (જડ) દીવાલને ધક્કો મારે ત્યારે દીવાલ પર કોઈ કાર્ય થતું ન હોવા છતાં, તે વ્યક્તિ શા માટે થાક અનુભવે છે?

A. દિવાલ ઊર્જા સંગ્રહ કરે છે.

B. સ્નાયુઓ ઊર્જાનો વપરાશ કરે છે. ✓

C. દિવાલ થોડી ખસે છે.

D. લાગુ કરેલું બળ શૂન્ય થઈ જાય છે.

**Q54** General Awareness

નીચેમાંથી કયું શહેર વિશ્વ વેપાર સંગઠન (WTO) ના વૈશ્વિક મુખ્ય મથક તરીકે ઓળખાય છે?

A. વિયેના

B. લંડન

C. મેડ્રિડ

D. જીનીવા ✓

**Q55** General Awareness

હેલ્થકેરમાં AI પરના PIB બેકગ્રાઉન્ડર અનુસાર (માર્ચ 2026), ટ્યુબરક્યુલોસિસ (TB) સંભાળના કયા તબક્કાને સુધારવા માટે AI ને હાઈલાઈટ કરવામાં આવ્યું છે?

A. રસી (Vaccine)નું ઉત્પાદન

B. તબીબી વીમાની મંજૂરી (approval)

C. બ્લડ ગ્રૂપ (Blood group)ની ઓળખ

D. વહેલી પારખ (detection) અને સ્ક્રિનિંગ ✓

**Q56** General Awareness

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (GST) ના મુખ્ય ઉદ્દેશ્યોમાંથી એક નીચેનામાંથી શું સ્થાપિત કરવાનો છે?

A. વન નેશન, વન ટેક્સ, અને વન માર્કેટ ✓

B. વન નેશન, વન લાયસન્સ, અને વન ઈન્ડસ્ટ્રી

C. વન નેશન, વન બેંક, અને વન રેગ્યુલેટર

D. વન નેશન, વન બજેટ, અને વન મિનિસ્ટ્રી

**Q57** General Awareness

4 જૂન 2026 ના રોજ પ્રથમ 'વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ 2026' નું ઉદ્ઘાટન ક્યાં કરવામાં આવ્યું હતું?

A. નવી દિલ્હી

B. અમદાવાદ ✓

C. ચેન્નાઈ

D. બેંગલુરુ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q58** General Awareness

'જન વિશ્વાસ (જોગવાઈઓનું સુધારો) વિધેયક, 2026' નો કયો સિદ્ધાંત પ્રથમ વખતની અને નાની ભૂલોને ચેતવણીઓ દ્વારા ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે?

A. ડાયનેમિક પેનલ્ટી ફ્રેમવર્ક (Dynamic Penalty Framework)

B. વોર્નિંગ બિફોર પનિશમેન્ટ (Warning before Punishment) ✓

C. ફાસ્ટર એન્ડ ફેર રિઝોલ્યુશન (Faster and Fair Resolution)

D. પ્રપોશનેટ પેનલ્ટીઝ (Proportionate Penalties)

**Q59** General Awareness

ભારતીય બંધારણ હેઠળ પંચાયતનો સામાન્ય કાર્યકાળ કેટલો હોય છે?

A. પાંચ વર્ષ ✓

B. ચાર વર્ષ

C. સાત વર્ષ

D. છ વર્ષ

**Q60** General Awareness

નીચેનામાંથી કયા દબાણ પટ્ટાને 'ડૉલડ્રમ્સ' (Doldrums) તરીકે પણ ઓળખવામાં આવે છે?

A. ઉપ-ધ્રુવીય લઘુ દબાણ પટ્ટો (Sub-Polar Low-Pressure Belt)

B. વિષુવવૃત્તીય લઘુ દબાણ પટ્ટો (Equatorial Low-Pressure Belt) ✓

C. ધ્રુવીય ઉચ્ચ દબાણ પટ્ટો (Polar High-Pressure Belt)

D. ઉપ-ઉષ્ણકટિબંધીય ઉચ્ચ દબાણ પટ્ટો (Sub-Tropical High-Pressure Belt)

## Quantitative Aptitude

30 Questions • Answer Key

**Q61** Quantitative Aptitude

જો સમીકરણ $x^2 - 2x - 8 = 0$ નું કોઈ એક બીજ એ સમીકરણ $x^2 + mx + 8 = 0$ ના એક બીજ સાથે સમાન (સામાન્ય) હોય, તો m નું શક્ય મૂલ્ય શું હોઈ શકે?

A. m = -6 અથવા m = 6 ✓

B. m = -5 અથવા m = 5

C. m = -4 અથવા m = 4

D. m = -7 અથવા m = 7

**Q62** Quantitative Aptitude

એક લેપટોપ ₹5,000 માં ખરીદવામાં આવે છે, તેને ₹400 ના નફા સાથે વેચવામાં આવે છે, અને ત્યારપછી આગામી માલિક દ્વારા ₹300 ની ખોટ સાથે ફરીથી વેચવામાં આવે છે. તો તેની અંતિમ વેચાણ કિંમત કેટલી હશે?

A. ₹5,700

B. ₹4,700

C. ₹5,100 ✓

D. ₹5,400

**Q63** Quantitative Aptitude

પાંચ મિત્રોએ એક ટેસ્ટમાં 80, 75, 90, 85 અને 70 ગુણ મેળવ્યા છે. તો તેમના ગુણનો સમાંતર મધ્યક કેટલો થશે?

A. 82

B. 80 ✓

C. 75

D. 78

**Q64** Quantitative Aptitude

₹7,300ની રકમ પર વાર્ષિક 7% ના દરે 3 વર્ષ પછી મળતું સાદું વ્યાજ શોધો.

A. ₹1,533 ✓

B. ₹1,440

C. ₹1,663

D. ₹1,800

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q65** Quantitative Aptitude

જો સ્થિર પાણીમાં એક હોડીની ઝડપ 10 km/h છે અને પ્રવાહની ઝડપ 2 km/h હોય તેવા પ્રવાહની દિશામાં અમુક અંતર કાપવા માટે તેને 2 કલાક લાગે છે, તો કાપેલું કુલ અંતર કેટલું હશે?

A. 20 km
B. 16 km
C. 24 km ✓
D. 22 km

**Q66** Quantitative Aptitude

જો (y + 1) અને (y + 16) વચ્ચેનું મધ્યમ પ્રમાણપદ 10 હોય, તો y (y >0)નું મૂલ્ય શું થશે?

A. 2
B. 8
C. 6
D. 4 ✓

**Q67** Quantitative Aptitude

ટોમની ઉંમર જેરી કરતાં બમણી છે. જો તેમની હાલની ઉંમરોનો સરવાળો 18 વર્ષ હોય, તો ટોમની ઉંમર કેટલી છે?

A. 9 વર્ષ
B. 6 વર્ષ
C. 10 વર્ષ
D. 12 વર્ષ ✓

**Q68** Quantitative Aptitude

એક ટાંકીમાં 1200 લિટર પાણી સમાઈ શકે છે. જો એક નળ તેને પ્રતિ કલાક 200 લિટરના દરે પાણીથી ભરે છે, તો ટાંકીને સંપૂર્ણપણે ભરાતા કેટલો સમય લાગશે?

A. 5 કલાક
B. 4 કલાક
C. 8 કલાક
D. 6 કલાક ✓

**Q69** Quantitative Aptitude

એક શિક્ષકે ક્વિઝમાં 7 વિદ્યાર્થીઓનો સ્કોર 12, 14, 15, 15, 16, 17, 19 તરીકે નોંધ્યો, તો આ સ્કોરનો બહુલક શું છે?

A. 16
B. 12
C. 17
D. 15 ✓

**Q70** Quantitative Aptitude

જો E અને F એકસાથે 7 દિવસમાં એક કામ પૂર્ણ કરી શકે અને E એકલો 14 દિવસમાં તે કામ પૂર્ણ કરે, તો F એકલાને તે કામ પૂર્ણ કરવા માટે કેટલા દિવસની જરૂર પડશે?

A. 7
B. 21
C. 14 ✓
D. 10

**Q71** Quantitative Aptitude

એક શહેર પરિષદની ચૂંટણીમાં, ઉમેદવાર X ને 80% મતદાનમાંથી 55% મત મળ્યા. જો 2000 લાયક મતદારો હોય, તો ઉમેદવાર X ને કેટલા મત મળ્યા હશે?

A. 850
B. 860
C. 880 ✓
D. 870

**Q72** Quantitative Aptitude

એક સ્માર્ટ સિટી ટેક્સી પ્રથમ 20 km નું અંતર x km/h ની ઝડપે અને ત્યારપછીનું 30 km નું અંતર 60 km/h ની ઝડપે કાપે છે. જો સમગ્ર 50 km ની મુસાફરી માટે તેની સરેરાશ ઝડપ 50 km/h હોય, તો x નું મૂલ્ય શોધો.

A. 48
B. 36
C. 30
D. 40 ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q73** Quantitative Aptitude

એક કંપનીની આવક (revenue) માં 15% નો વધારો થયો હતો અને પછીના વર્ષે 15% નો ઘટાડો થયો હતો. જો તેની મૂળ આવક ₹40,000 હતી, તો આ બે ફેરફારો પછીની આવક કેટલી થશે?

A. ₹34,000
B. ₹46,000
C. ₹39,100 ✓
D. ₹40,000

**Q74** Quantitative Aptitude

એક વેપારી ₹200 માં 10 પેન અને ₹150 માં 5 નોટબુક ખરીદે છે. જો તે દરેક પેન ₹25 ના ભાવે અને દરેક નોટબુક ₹40 ના ભાવે વેચે, તો તેનો કુલ નફો કેટલા ટકા થયો ગણાય? (તમારો જવાબ દશાંશ ચિહ્ન પછી બે અંક સુધી દર્શાવો)

A. 28.57% ✓
B. 20.33%
C. 35.09%
D. 45.12%

**Q75** Quantitative Aptitude

એક ચોરસ ખેતર અને એક લંબચોરસ ખેતરની પરિમિતિ સમાન છે. ચોરસની બાજુનું માપ 12 m છે અને લંબચોરસની પહોળાઈ (width) 10 m છે. તો લંબચોરસની લંબાઈ કેટલી હશે?

A. 16 m
B. 18 m
C. 14 m ✓
D. 12 m

**Q76** Quantitative Aptitude

એક અર્ધગોળાકાર ટાંકીની આંતરિક ત્રિજ્યા (internal radius) 14 cm છે અને તે સંપૂર્ણપણે પાણીથી ભરેલી છે. આ ટાંકીમાંથી પાણીને શંકુ આકારના કપમાં રેડવામાં આવે છે, જે દરેક કપના પાયાની ત્રિજ્યા (base radius) 7 cm અને ઊંચાઈ 6 cm છે. ટાંકીને સંપૂર્ણપણે ખાલી કરવા માટે આવા કેટલા શંકુ આકારના કપની જરૂર પડશે?

A. 15
B. 19 ✓
C. 21
D. 17

**Q77** Quantitative Aptitude

એક પાઇપ 16 કલાકમાં એક ટાંકી ભરી શકે છે, પરંતુ તળિયા પરનો લીક ટાંકીને 32 કલાકમાં ખાલી કરી શકે છે. જો બંને ખુલ્લા હોય, તો ટાંકી ભરવામાં કેટલો સમય લાગશે?

A. 32 કલાક ✓
B. 48 કલાક
C. 24 કલાક
D. 20 કલાક

**Q78** Quantitative Aptitude

₹5,000 ની રકમ વાર્ષિક 8% ના વ્યાજ દરે 2 વર્ષ માટે ઉધાર આપવામાં આવે છે. તો આ સમયગાળા માટેના ચક્રવૃદ્ધિ વ્યાજ (જે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામે છે) અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત કેટલો થાય?

A. ₹32 ✓
B. ₹30
C. ₹33
D. ₹31

**Q79** Quantitative Aptitude

યામ (2, 3) અને (8, k) ધરાવતા બિંદુઓને જોડતા રેખાખંડના મધ્યબિંદુના યામ (5, 6) છે. તો k નું મૂલ્ય શું હશે?

A. 12
B. 8
C. 6
D. 9 ✓

**Q80** Quantitative Aptitude

એક હોડી પ્રવાહની દિશામાં 12.8 km નું અંતર 1 કલાકમાં કાપે છે અને પ્રવાહની વિરુદ્ધ દિશામાં 7.2 km નું અંતર 1 કલાકમાં કાપે છે. તો સ્થિર પાણીમાં હોડીની ઝડપ કેટલી હશે?

A. 10 km/hr ✓
B. 16 km/hr
C. 13 km/hr
D. 12 km/hr

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q81** Quantitative Aptitude

જો એક પ્રમાણના પ્રથમ ત્રણ પદો અનુક્રમે 7, 21, અને 14 હોય, તો તેનું ચોથું પ્રમાણપદ શું હશે?

A. 48

B. 42 ✓

C. 30

D. 36

**Q82** Quantitative Aptitude

જો સાત-અંકની સંખ્યા 4x532y6, જ્યાં x અને y અંકો છે, તે 72 વડે સંપૂર્ણપણે વિભાજ્ય હોય, તો 2x + 3y નું મહત્તમ શક્ય મૂલ્ય કેટલું હશે?

A. 38

B. 19

C. 41 ✓

D. 15

**Q83** Quantitative Aptitude

એક ગોલક (sphere) ની ત્રિજ્યા 10 cm છે. તેની ત્રિજ્યામાં 20% નો વધારો કરવામાં આવે છે. તો તેના પૃષ્ઠફળમાં કેટલા ટકાનો વધારો થાય છે?

A. 44% ✓

B. 20%

C. 40%

D. 48%

**Q84** Quantitative Aptitude

જો ₹4,000ની રકમને વાર્ષિક 5% ચક્રવૃદ્ધિ વ્યાજના દરે 2 વર્ષ માટે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામે તેમાં રોકવામાં આવે, તો ચક્રવૃદ્ધિ વ્યાજ શોધો.

A. ₹420

B. ₹400

C. ₹410 ✓

D. ₹430

**Q85** Quantitative Aptitude

એક વેપારી કુલ ₹400માં 10 કિલો સફરજન ખરીદે છે અને તેમને કુલ ₹450માં વેચે છે. નફાની ટકાવારી કેટલી થાય?

A. 12.5% ✓

B. 8.5%

C. 10.5%

D. 9.5%

**Q86** Quantitative Aptitude

એક દ્રાવણમાં 1:4 ના પ્રમાણમાં ક્ષાર અને પાણી હોય છે. જો દ્રાવણમાં 40 ml પાણી હોય, તો તેમાં કેટલો ક્ષાર હશે?

A. 10 ml ✓

B. 8 ml

C. 16 ml

D. 12 ml

**Q87** Quantitative Aptitude

એક ઇમારત 15 મીટર ઊંચી છે. જમીન પરના એક બિંદુથી, ઇમારતની ટોચ સુધીના ઉત્સેધકોણનું માપ 45° છે. તો ઇમારતના પાયા (base) થી બિંદુ (મીટરમાં) કેટલું દૂર છે?

A. 20 મીટર

B. 10 મીટર

C. 15 મીટર ✓

D. 30 મીટર

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q88** Quantitative Aptitude

જો tan θ = 3/4 હોય, તો sin θ નું મૂલ્ય શોધો.

A. 1. $\frac{4}{5}$

B. 2. $\frac{2}{5}$

C. 3. $\frac{3}{5}$ ✓

D. 4. $\frac{1}{5}$

**Q89** Quantitative Aptitude

અભિવ્યક્તિ $\frac{3^2 \times 3^3}{3^2}$ નું સાદું રૂપ આપો.

A. 9

B. 81

C. 27 ✓

D. 3

**Q90** Quantitative Aptitude

બે દ્વિઘાત સમીકરણો $x^2 - 5x + 6 = 0$ અને $kx^2 + (k-1)x + 2 = 0$ વચ્ચે બરાબર એક બીજ સમાન છે. જો આ સમાન બીજ 3 હોય, તો k નું મૂલ્ય કેટલું હશે?

A. 1. $\frac{1}{14}$

B. 2. $\frac{1}{16}$

C. 3. $\frac{1}{10}$

D. 4. $\frac{1}{12}$ ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q91** Reasoning

એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો. કેલેન્ડરના પ્રમાણભૂત નિયમોનો ઉપયોગ કરો અને નક્કી કરો કે વિધાનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે નહીં.

પ્રશ્ન: X વર્ષની 1 જાન્યુઆરીના રોજ સોમવાર છે. અઠવાડિયાના કયા દિવસે 1 ઑગસ્ટ આવશે?

વિધાન: જાન્યુઆરીથી જુલાઈ સુધીના કુલ દિવસોની સંખ્યા 212 છે.
વિધાન: X વર્ષના જુલાઈમાં 31 દિવસ છે.

- A. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
- B. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી. ✓
- C. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- D. બંને વિધાનો I અને II એકસાથે (એકલું વિધાન I કે એકલું વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q92** Reasoning

શબ્દ PRANKED ના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં ડાબી બાજુથી ત્રીજા અને જમણી બાજુથી ત્રીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવશે?

- A. 8 ✓
- B. 3
- C. 4
- D. 5

**Q93** Reasoning

જો 'S' નો અર્થ '÷', 'T' નો અર્થ '×', 'U' નો અર્થ '+' અને 'V' નો અર્થ '-' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થચિહ્ન '?'ના સ્થાને શું આવશે?

76 T 4 V 44 S 2 U 60 = ?

- A. 348
- B. 346
- C. 342 ✓
- D. 350

**Q94** Reasoning

નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

Mr. Rajesh P. Malhotra
House No. C-27, Green Park Extension,
Aurobindo Marg, Nashik, Maharashtra – 422005

- A. Mr. Rajesh P. Malhotra, House No. C-27, Green Park Extension, Aurobindo Maarg, Nashik, Maharashtra – 422005
- B. Mr. Rajesh P. Malhotra, House No. C-27, Green Park Extension, Aurobindo Marg, Nashik, Maharashtra – 420005
- C. Mr. Rajesh P. Malhotra, House No. C-27, Green Park Extension, Aurobindo Marg, Nashik, Maharashtra – 422005 ✓
- D. Mr. Rajesh R. Malhotra, House No. C-27, Green Park Extension, Aurobindo Marg, Nashik, Maharashtra – 422005

**Q95** Reasoning

D, E, F, X, Y અને Z એક જ ઇમારતના છ અલગ-અલગ માળ પર રહે છે. ઇમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને નંબર આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો નંબર 6 છે.
D એ X ની તરત જ ઉપરના માળ પર રહે છે. E અને X ની વચ્ચે ફક્ત બે લોકો રહે છે. E એક એકી નંબરવાળા માળ પર રહે છે. F એ Z ની તરત જ નીચેના માળ પર રહે છે.
તો Y અને Z ની વચ્ચે કેટલા લોકો રહે છે?

- A. બે ✓
- B. ચાર
- C. એક
- D. ત્રણ

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q96** Reasoning

એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકવાળા બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

5 થાંભલાઓ A,W,V,G અને E પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, તો કયો થાંભલો સૌથી ઊંચો (tallest) છે?

(I) G એ W કરતાં ઊંચો છે. W એ E કરતાં ઊંચો છે.
(II) E એ A કરતાં નીચો છે પણ V કરતાં ઊંચો છે.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

**Q97** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલા શબ્દો પર આધારિત છે.

(ડાબી બાજુ) CUP WAG OUT NOT (જમણી બાજુ)

જમણી બાજુથી પ્રથમ શબ્દના પ્રથમ અક્ષર અને ડાબી બાજુથી બીજા શબ્દના બીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

A. 15
B. 13
C. 12 ✓
D. 11

**Q98** Reasoning

એક સચોટ સમય દર્શાવતી ઘડિયાળ 3:00 pm બતાવે છે. જ્યારે ઘડિયાળમાં 9:30 pm વાગશે, ત્યારે કલાકનો કાંટો કેટલા ડિગ્રી ફરશે?

A. 90 ડિગ્રી
B. 195 ડિગ્રી ✓
C. 30 ડિગ્રી
D. 120 ડિગ્રી

**Q99** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પર આધારિત આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
BAN FER JIV NMZ ?

A. RQD ✓
B. RDE
C. ROD
D. RSF

**Q100** Reasoning

નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

AWY39 , FBD43 , KGI47 , PLN51 , ?

A. UQS55 ✓
B. UOS55
C. UQT55
D. VQS55

**Q101** Reasoning

નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?)ના સ્થાને નીચે આપેલા વિકલ્પોમાંથી ક્યું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય આવશે?
$34.02 + 11.87 \times 4.09 - 19.06 = ?$

A. 62
B. 65
C. 63 ✓
D. 61

**Q102** Reasoning

જો 'MODULAR' શબ્દના દરેક અક્ષરને મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન અપરિવર્તિત (યથાવત) રહેશે?

A. 2
B. 3
C. 1
D. 0 ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q103** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
પાંચ લોકો પાંચ માળની એક ઈમારતના અલગ-અલગ માળ પર રહે છે. સૌથી નીચે માળ નંબર 1 છે અને સૌથી ઉપર માળ નંબર 5 છે. તો 3જા માળ પર કોણ રહે છે?
વિધાન I: X એ માળ નંબર 1 પર રહે છે, અને Y એ Z ની તરત જ ઉપર રહે છે.
વિધાન II: P એ Q ની તરત નીચે રહે છે, અને Q એ Y ની ઉપર રહે છે.

A. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.

B. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

C. વિધાનો I અને II બંને એકસાથે લેતા (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે. ✓

D. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q104** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: "Mango" માટેનો કોડ શું છે?
વિધાન I: "Mango Butter" ને "ze ki" તરીકે કોડ કરવામાં આવે છે.
વિધાન II: "Butter Jam" ને "ki po" તરીકે કોડ કરવામાં આવે છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q105** Reasoning

સાત મિત્રો G, H, I, B, C, D અને E એક વર્તુળાકાર મેજની ફરતે કેન્દ્ર તરફ મુખ કરીને બેઠા છે. જ્યારે D ની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે, ત્યારે E અને D ની વચ્ચે માત્ર બે લોકો બેસે છે. C એ G ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. I એ G ની તરત જ જમણી બાજુએ બેસે છે. I એ E ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. B એ C ની તરત જ બાજુમાં બેસતો નથી. તો H ની જમણી બાજુએ ત્રીજા સ્થાને કોણ બેસે છે?

A. B

B. G

C. E

D. I ✓

**Q106** Reasoning

મિ. ઇવાન બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ દિશા તરફ 21 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે જમણી બાજુ વળાંક લે છે અને 26 km ડ્રાઈવ કરે છે. તેના પછી તે હજુ એક વાર જમણી બાજુ વળાંક લે છે અને 24 km ડ્રાઈવ કરે છે. તેના પછી તે જમણી બાજુ વળાંક લે છે અને 33 km ડ્રાઈવ કરે છે. તે છેલ્લી વાર જમણી બાજુ વળાંક લે છે અને 3 km ડ્રાઈવ કરીને બિંદુ P પર થોભે છે. તો ફરીથી બિંદુ A સુધી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશા તરફ ડ્રાઈવ કરવું જોઈએ? (તમામ વળાંક માત્ર 90-ડિગ્રીના વળાંક છે, સિવાય કે ઉલ્લેખિત હોય.)

A. 21 km ઉત્તર દિશા તરફ

B. 33 km પૂર્વ દિશા તરફ

C. 7 km પશ્ચિમ દિશા તરફ ✓

D. 3 km પશ્ચિમ દિશા તરફ

**Q107** Reasoning

ઉત્તર દિશા તરફ મુખ રાખેલા 26 લોકોની હરોળમાં, વિધિ એ જમણી બાજુના છેડાથી 9મા સ્થાને છે. જો મીરા એ વિધિની ડાબી બાજુએ 4થા સ્થાને હોય, તો હરોળના ડાબી બાજુના છેડાથી મીરાનું સ્થાન ______ હશે.

A. 14મું ✓

B. 11મું

C. 12મું

D. 13મું

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q108** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 215 786 429 775 235 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકને સૌથી નાની સંખ્યાના પ્રથમ અંકમાં ઉમેરવામાં આવે, તો પરિણામ શું આવશે?

A. 11
B. 8 ✓
C. 7
D. 9

**Q109** Reasoning

નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવવું જોઈએ?
35 60 110 185 285 ?

A. 417
B. 410 ✓
C. 408
D. 415

**Q110** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ વ્યક્તિઓ P, Q, R, S અને T પૈકી દરેક એક પાંચ માળની ઇમારતના જુદા જુદા માળ પર રહે છે. ભોંયતળિયાના માળને ક્રમ 1 અને સૌથી ઉપરના માળને ક્રમ 5 આપવામાં આવ્યો છે. તો સૌથી ઉપરના માળ પર કોણ રહે છે?

વિધાન I: R માળ ક્રમ 2 પર રહે છે. P એ Q ની તરત જ ઉપરના માળ પર રહે છે.
વિધાન II: S એ R ની તરત જ નીચેના માળ પર રહે છે. T એ P ની ઉપરના કોઈપણ માળ પર રહે છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓
B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
C. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી
D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q111** Reasoning

છ બોક્સ A, B, C, D, E, અને Fને એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. Aને સૌથી નીચેથી ત્રીજા સ્થાને મૂકવામાં આવ્યું છે. A અને Cની વચ્ચે ફક્ત બે બોક્સ મૂકવામાં આવ્યા છે. Fને Dની તરત નીચે મૂકવામાં આવ્યું છે. B અને Fની વચ્ચે ફક્ત બે બોક્સ મૂકવામાં આવ્યા છે. Dને A ની તરત નીચે મૂકવામાં આવ્યું છે. કયું બોક્સ સૌથી ઉપરથી બીજા ક્રમે છે?

A. B
B. E ✓
C. D
D. F

**Q112** Reasoning

નીચે આપેલી બે જોડી જે તાર્કિક પેટર્નને અનુસરે છે, તે જ પેટર્નને અનુસરતી જોડી વિકલ્પોમાંથી પસંદ કરો. બંને જોડી સમાન પેટર્નને અનુસરે છે.

JMO : FIK
KST : GOP

A. PRT : SUW
B. TUG : PQC ✓
C. SFJ : OCG
D. GYM : DUQ

**Q113** Reasoning

નીચે આપેલા શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવતા સાચા વિકલ્પની પસંદગી કરો.

1. નિવૃત્તિ (Retirement)
2. નિમણૂક (Appointment)
3. બઢતી (Promotion)
4. ઇન્ટરવ્યૂ (Interview)
5. અરજી (Application)

A. 3, 4, 2, 5, 1
B. 5, 4, 2, 3, 1 ✓
C. 5, 1, 2, 3, 4
D. 5, 1, 4, 3, 2

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q114** Reasoning

એક ચોક્કસ કોડ ભાષામાં, 'CORN' ને '6485' તરીકે કોડ કરવામાં આવે છે અને 'NEAT' ને '5721' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી ભાષામાં 'N' માટેનો કોડ શું છે?

A. 4

B. 5 ✓

C. 2

D. 8

**Q115** Reasoning

ઉત્તર તરફ મુખ કરીને ઊભેલા 74 વિદ્યાર્થીઓની એક હરોળમાં, મિસ્ટર ઇકાનિયા ડાબા છેડેથી 24મા સ્થાને છે. જો મિસ્ટર ઝિયાદ એ મિસ્ટર ઇકાનિયાની જમણી બાજુએ 21મા સ્થાને હોય, તો હરોળના જમણા છેડેથી મિસ્ટર ઝિયાદનું સ્થાન શું છે?

A. 32મું

B. 30મું ✓

C. 29મું

D. 31મું

**Q116** Reasoning

T એ S ના પિતાના ભાઈ છે. Q એ T ના પિતા છે. R એ Q નો પુત્ર છે. R એ T ના/નો ______ છે. આપેલી ખાલી જગ્યા પૂરો.

A. પિતા

B. પુત્ર

C. પતિ

D. ભાઈ ✓

**Q117** Reasoning

નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) E Y V H @ W % X C E Z F U B C $ @ # C T D £ (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી બધા અક્ષરો કાઢી નાખવામાં આવે, તો વિકલ્પોમાંથી કયું વિકલ્પ એ જમણી બાજુથી પાંચમું હશે?

A. $

B. % ✓

C. #

D. @

**Q118** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે WGKO એ અમુક ચોક્કસ રીતે SCGK સાથે સંબંધિત છે. તે જ રીતે, GQUY એ CMQU સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, UEIM એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

A. QAEI ✓

B. QEIO

C. QAXD

D. QASW

**Q119** Reasoning

પાંચ વ્યક્તિઓ C, G, P, Q અને X પૈકી દરેકની ઉંમર અલગ-અલગ છે. માત્ર Q એ X કરતા નાનો છે. C એ P કરતા નાનો છે પરંતુ G કરતા મોટો છે. ____ એ સૌથી મોટો છે.

A. Q

B. G

C. P ✓

D. C

**Q120** Reasoning

આપેલા વિધાનો અને તારણોને ધ્યાનપૂર્વક વાંચો. વિધાનોમાં આપેલી માહિતી સામાન્ય રીતે જાણીતા તથ્યો કરતાં અલગ હોય તો પણ તેને સાચી માનીને, આપેલા તારણોમાંથી કયું તારણ વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે તે નક્કી કરો.

**વિધાનો:**
બધા પથ્થરો, ખડકો છે.
બધા ખડકો, કાંકરા છે.

**તારણો:**
(I) બધા પથ્થરો, કાંકરા છે.
(II) કોઈપણ કાંકરા, ખડક નથી.

A. એકપણ અનુસરતું નથી

B. ફક્ત I અનુસરે છે ✓

C. બંને અનુસરે છે

D. ફક્ત II અનુસરે છે

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q121** Reasoning

નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. (ગણતરી ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે).
(ડાબી બાજુ) L N D E R H K U O L S W U I F R G A X C V U S A (જમણી બાજુ)
એવાં કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત પહેલાં એક વ્યંજન આવે છે અને તરત પછી પણ એક વ્યંજન આવે છે?

- A. આઠ
- B. સાત
- C. ચાર
- D. પાંચ ✓

**Q122** Reasoning

નીચેના શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવેલા દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. ગ્રામ
2. માઇક્રોગ્રામ
3. કિલોગ્રામ
4. મિલિગ્રામ
5. ક્વિન્ટલ

- A. 3, 2, 1, 4, 5
- B. 4, 3, 1, 5, 2
- C. 2, 1, 3, 5, 4
- D. 2, 4, 1, 3, 5 ✓

**Q123** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 621 354 487 219 563 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી મોટી સંખ્યાનો ત્રીજો અંક સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે, તો પરિણામ શું આવશે?

- A. 3
- B. 4
- C. 6
- D. 2 ✓

**Q124** Reasoning

જો સંખ્યા 5278461 માં દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં ડાબી બાજુથી બીજો અંક કયો હશે?

- A. 0 ✓
- B. 8
- C. 6
- D. 4

**Q125** Reasoning

શબ્દ VORTEXY ના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષરોના સમૂહમાં ડાબી બાજુથી બીજા અક્ષર અને જમણી બાજુથી ચોથા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

- A. 4 ✓
- B. 7
- C. 5
- D. 3

**Q126** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

Q એ R સાથે કેવી રીતે સંબંધિત છે?
વિધાન I: Q એ S નો પુત્ર છે. S એ T ની બહેન છે.
વિધાન II: R એ U ની પુત્રી છે. U એ V નો ભાઈ છે.

- A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓
- B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q127** Reasoning

જો 6 મે 1981ના રોજ બુધવાર હતો, તો 7 મે 1984ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હતો?

A. ગુરુવાર

B. શુક્રવાર

C. સોમવાર ✓

D. શનિવાર

**Q128** Reasoning

'NICKEL' શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછીના અક્ષરમાં બદલવામાં આવે છે અને ત્યારબાદ આ રીતે બનેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. તો આ રીતે બનેલા અક્ષર સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર ડાબી બાજુથી ચોથો હશે?

A. M

B. L ✓

C. F

D. J

**Q129** Reasoning

યતિન પોઈન્ટ Y થી શરૂ કરે છે અને દક્ષિણ તરફ 45 km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 89 km ડ્રાઈવ કરે છે, ત્યાર પછી તે જમણો વળાંક લે છે અને 29 km ડ્રાઈવ કરે છે. ત્યાર બાદ તે ફરી જમણો વળાંક લે છે અને 37 km ડ્રાઈવ કરે છે. અંતે, તે ફરી પાછો જમણો વળાંક લે છે અને 74 km ડ્રાઈવ કરી પોઈન્ટ Z પર રોકાય છે. તો પોઈન્ટ Y પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (જ્યાં સુધી ઉલ્લેખિત કરવામાં ન આવે ત્યાં સુધી તમામ વળાંકો માત્ર 90 ડિગ્રીના વળાંકો છે.)

A. 57 km પૂર્વ તરફ

B. 52 km પશ્ચિમ તરફ ✓

C. 55 km પશ્ચિમ તરફ

D. 56 km પૂર્વ તરફ

**Q130** Reasoning

છ મિત્રો B, C, D, E, F અને R એ ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેસે છે. B ની ડાબી બાજુએ ફક્ત E બેસે છે. E અને C ની વચ્ચે ફક્ત ચાર લોકો બેસે છે. D અને R ની વચ્ચે ફક્ત F બેસે છે અને D એ C ની તરત જ બાજુમાં બેસતો નથી. E અને R ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

A. ત્રણ ✓

B. બે

C. ચાર

D. એક

**Q131** Reasoning

નીચેના શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.

1. Teaspoon
2. Cup
3. Tablespoon
4. Drop
5. Jug

A. 4, 1, 3, 2, 5 ✓

B. 1, 3, 2, 4, 5

C. 5, 3, 4, 2, 1

D. 4, 3, 1, 5, 2

**Q132** Reasoning

એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો. પ્રમાણભૂત કેલેન્ડરના નિયમોનો ઉપયોગ કરો અને નક્કી કરો કે શું વિધાનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે કેમ.

પ્રશ્ન: X વર્ષની 1 જાન્યુઆરીએ મંગળવાર છે. સપ્તાહના કયા દિવસે 1 સપ્ટેમ્બર આવશે?

વિધાન I: જાન્યુઆરીથી ઑગસ્ટ સુધીના કુલ દિવસોની સંખ્યા 243 છે.
વિધાન I: X વર્ષના ઑગસ્ટમાં 31 દિવસ છે.

A. વિધાન II માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

B. વિધાનો I અને II બંને એકસાથે (એકલું વિધાન 1 કે એકલું વિધાન 2 નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

C. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન I માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી. ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q133** Reasoning

એક ચોક્કસ તર્કને અનુસરીને 21 એ 123 સાથે સંબંધિત છે. આ તર્કને અનુસરીને, 25 એ 147 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 54 આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં અલગ કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો. આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 પર સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે.
13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

A. 318

B. 321 ✓

C. 325

D. 345

**Q134** Reasoning

નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) P Y X K & X K L W P Ω C * A & F Y J % T P X (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક અક્ષર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

A. બે

B. એક

C. એકપણ નહીં ✓

D. ત્રણ

**Q135** Reasoning

A, B, C, D, E અને F પૈકી દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. માત્ર ત્રણ લોકોએ A કરતાં વધુ ગુણ મેળવ્યા છે. કોઈ પણ વ્યક્તિએ F કરતાં ઓછા ગુણ મેળવ્યા નથી. B એ E કરતાં વધુ ગુણ મેળવ્યા છે પરંતુ તે સૌથી વધુ ગુણ મેળવનાર (top scorer) નથી. C એ E કરતાં વધુ ગુણ મેળવ્યા નથી. તો કેટલા લોકોએ E કરતાં વધુ ગુણ મેળવ્યા છે?

A. ત્રણ

B. એક

C. ચાર

D. બે ✓

**Q136** Reasoning

A, B, C, D, E, F, અને G દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. C અને D વચ્ચે બરાબર 5 લોકોની પરીક્ષા છે. A અને B વચ્ચે બરાબર 3 લોકોની પરીક્ષા છે. F પછી તરત જ Gની પરીક્ષા છે અને Eની પરીક્ષા Fની તરત પહેલાં છે. A અને Cની પરીક્ષાઓ Fની પહેલાં છે. સોમવારે કોની પરીક્ષા છે?

A. G

B. E

C. C ✓

D. A

**Q137** Reasoning

નીચે આપેલા શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.

1. ટેરાબાઇટ (Terabyte)
2. મેગાબાઇટ (Megabyte)
3. બિટ (Bit)
4. કિલોબાઇટ (Kilobyte)
5. ગીગાબાઇટ (Gigabyte)

A. 3, 1, 2, 4, 5

B. 4, 3, 1, 5, 2

C. 5, 3, 4, 2, 1

D. 3, 4, 2, 5, 1 ✓

**Q138** Reasoning

પાંચ વ્યક્તિઓ F, U, V, W અને Y પૈકી દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. માત્ર F એ U કરતાં વધુ ગુણ મેળવ્યા છે. Y એ W કરતાં ઓછા પરંતુ V કરતાં વધુ ગુણ મેળવ્યા છે.
______ એ ત્રીજા સૌથી વધુ ગુણ (third highest marks) મેળવ્યા છે.

A. U

B. W ✓

C. F

D. V

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q139** Reasoning

નીચે સંખ્યા બે ગણ આપેલા છે, દરેક ગણમાં, પ્રથમ સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે. એ જ રીતે બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આગળ આ ક્રિયાનું અનુસરણ કરાય છે. કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા ગણો દ્વારા અનુસરવામાં આવી છે?

(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓમાટે વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાશે નહિ, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ક્રિયા 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી.)

10 - 20 - 23 - 46 ;
8 - 16 - 19 - 38

- A. 9 - 18 - 21 - 42 ✓
- B. 8 - 16 - 18 - 36
- C. 7 - 14 - 18 - 34
- D. 6 - 12 - 15 - 32

**Q140** Reasoning

જો 8 જુલાઈ 2014 ના રોજ શુક્રવાર હોય, તો 8 સપ્ટેમ્બર 2014 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

- A. સોમવાર
- B. બુધવાર
- C. ગુરુવાર ✓
- D. મંગળવાર

**Q141** Reasoning

એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A+ B નો અર્થ થાય છે કે 'A એ Bનો પતિ છે'
A – B નો અર્થ થાય છે કે 'A એ Bની બહેન છે'
A x B નો અર્થ થાય છે કે 'A એ Bની પુત્રી છે'
A ÷ B નો અર્થ થાય છે કે 'A એ Bની પત્ની છે'

આપેલી માહિતીને આધારે, જો 'L + M - N × O ÷ P' હોય, તો L એ P સાથે કેવી રીતે સંબંધિત છે?

- A. પુત્રીનો પતિ (જમાઇ) ✓
- B. પિતાના પિતા (દાદા)
- C. પિતાની માતા (દાદી)
- D. પુત્રીનો પુત્ર

**Q142** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
બિંદુ A ની સાપેક્ષમાં બિંદુ B કઈ દિશામાં છે?

વિધાન (I): B એ A ની ઉત્તરમાં 12 m ના અંતરે છે.
વિધાન (II): A અને B વચ્ચેનું લઘુત્તમ અંતર 12 m છે.

- A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- B. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓
- C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q143** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી)

- A. UW - TV
- B. DF - CE
- C. FH - EG
- D. NP - OQ ✓

**Q144** Reasoning

નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
(બધી સંખ્યાઓ માત્ર એક-અંકની સંખ્યાઓ છે)
(ડાબી બાજુ) 5 ∞ Ω ¥ 6 2 6 8 ∞ 4 $ ≥ ¥ $ ≠ 6 Δ ∞ ÷ 9 Ω
(જમણી બાજુ)
એવાં કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલાં એક સંખ્યા આવે છે અને તરત જ પછી પણ એક સંખ્યા આવે છે?

- A. ચાર
- B. બે
- C. એક ✓
- D. ત્રણ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q145** Reasoning

આપેલી ખાલી જગ્યા ભરો.
F એ H નો/ની ______ છે. H એ Eનો પુત્ર છે. E એ Fની પત્ની છે.

A. પુત્ર
B. ભાઈ
C. બહેન
D. પિતા ✓

**Q146** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચારમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. તે કયા જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતો વિકલ્પ વ્યંજન/સ્વરની સંખ્યા અથવા અક્ષરોના સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

A. YYW ✓
B. PON
C. QPO
D. DCB

**Q147** Reasoning

નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) @ & F R W ∗ C C X % U D R T C V * Ω G N £ & (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી બધા અક્ષરો કાઢી નાખવામાં આવે, તો વિકલ્પોમાંથી કયું જમણી બાજુથી ચોથું હશે?

A. &
B. @
C. %
D. * ✓

**Q148** Reasoning

જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?)ના સ્થાને શું આવશે?
60 - 12 + 36 ÷ 5 × 5 = ?

A. 32
B. 40
C. 36 ✓
D. 34

**Q149** Reasoning

નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| સંખ્યા/ પ્રતીક | ! | $ | 3 | * | 2 | # | 7 | 6 | & | 4 | 9 | @ | % | 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | W | V | M | D | J | L | P | R | O | K | Q | G | B | N |

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યા/પ્રતીકોના સમૂહ માટેનો કોડ શું હશે?
2%*$#

A. JBDVL ✓
B. PBDVL
C. JBDVD
D. JBOVL

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q150** Reasoning

નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| સંખ્યા/ પ્રતીક | 1 | @ | # | 2 | 3 | % | 5 | & | 7 | 6 | + | ? | 9 | ! |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | K | M | N | H | G | J | A | I | U | P | B | Q | Z | T |

શરતો –

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ બંને (પ્રથમ અને છેલ્લો ઘટક) ના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યા/પ્રતીકોના સમૂહ માટેનો કોડ શું હશે?
?+%&9

A. ZBJIN

B. ZBJIQ ✓

C. ABJIQ

D. ZBJIP

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play
generated by rank.qmaths.in